# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26.07.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે "મન કી બાત " કાર્યક્રમમાં લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે

2) પ્રધાનમંત્રી આજે સાંજે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા વિકસિત વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ-2026ના સહભાગીઓ સાથે વાર્તાલાપ કરશે

3) ગુજરાતમાં વરસાદ ધીમો પડતાં રાહત કામગીરી.. અસરગ્રસ્તોને સહાયની ચૂકવણી

4) આજે દેશભરમાં કારગિલ વિજય દિવસની ઉજવણી – શહીદોને શ્રદ્ધાંજલિના અનેક કાર્યક્રમો

5) ભારતીય સબ-જુનિયર પુરુષ હોકી ટીમે પાકિસ્તાનને હરાવી FIH યુવા હોકી- FIF એશિયન ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો

6) અનાહત સિંહે વિશ્વ સ્ક્વોશ જુનિયર ચેમ્પિયનશિપ 2026માં મહિલા સિંગલ્સનો ખિતાબ જીતી ઇતિહાસ રચ્યો

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે "મન કી બાત " કાર્યક્રમમાં લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આકાશવાણી પરથી પ્રસારિત થતાં માસિક રેડિયો કાર્યક્રમની આ 136મી કડીમાં પ્રધાનમંત્રી દેશ વિદેશના લોકો સાથે પોતાના વિચારોનું આદાન પ્રદાન કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# PRESIDENT VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મોલ્ડોવા, ઉત્તર મેસેડોનિયા અને રોમાનિયાની તેમની સત્તાવાર મુલાકાત પૂર્ણ કર્યા બાદ આજે સવારે નવી દિલ્હી પરત ફર્યા છે.

મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિએ ત્રણેય દેશોના વડાઓ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી અને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા તેમજ વેપાર , શિક્ષણ, ડિજિટલ ટેકનોલોજી , નવીનતા અને નવીનીકરણીય ઉર્જા જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે ચર્ચા કરી.

ભારતીય રાષ્ટ્રપતિ દ્વારા મોલ્ડોવા અને ઉત્તર મેસેડોનિયાની આ પ્રથમ મુલાકાત હતી , જ્યારે ત્રણ દાયકાથી વધુ સમયમાં ભારતીય રાષ્ટ્રપતિ દ્વારા રોમાનિયાની આ પ્રથમ મુલાકાત હતી.

રાષ્ટ્રપતિએ વ્યાપાર મંચોને સંબોધિત કર્યા અને ભારતીય સમુદાય સાથે મુલાકાત કરી. રોમાનિયાની બુકારેસ્ટ યુનિવર્સિટી ઓફ ઇકોનોમિક સ્ટડીઝે રાષ્ટ્રપતિને માનદ ડિગ્રી એનાયત કરી.

# PM - VIKSIT VIBRANT VILLAGE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે સાડા ચાર વાગે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા વિકસિત વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ- 2026 ના સહભાગીઓ સાથે વાર્તાલાપ કરશે. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરતા 400 થી વધુ યુવાનો પ્રધાનમંત્રી સાથે સંવાદ કરશે.

વિકસિત વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ-2026 ચાર જૂન થી 30 જૂન દરમિયાન બે તબક્કામાં હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં લદ્દાખ , હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના 74 વાઇબ્રન્ટ ગામોને આવરી લેવામાં આવ્યા હતા. કાર્યક્રમ માટે સહભાગીઓની પસંદગી રાષ્ટ્રવ્યાપી ઓનલાઈન ક્વિઝ સ્પર્ધા દ્વારા કરવામાં આવી હતી, જેમાં ત્રણ લાખથી વધુ યુવાનોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમ દરમિયાન સહભાગીઓએ સ્વચ્છતા અભિયાન , સરકારી યોજનાઓ વિશે જાગૃતિ અભિયાન , યુવા પરિષદો, સાંસ્કૃતિક આદાનપ્રદાન, વૃક્ષારોપણ અને મીની-મોડેલ પંચાયતો જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. તેઓએ સ્થાનિક કારીગરો સાથે વાર્તાલાપ કર્યો અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ સંસ્થાઓની મુલાકાત લીધી. આ પહેલથી યુવાનોને સરહદી વિસ્તારોની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ , સાંસ્કૃતિક વારસો અને વિકાસની સંભાવનાને સમજવાની તક મળી.

# JOSHI-EDU MINISTER

કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીને નવા શિક્ષણ મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમને તેમના હાલના વિભાગો ઉપરાંત શિક્ષણ મંત્રાલયની વધારાની જવાબદારી સોંપવામાં આવી છે. પ્રહલાદ જોશી હાલમાં ગ્રાહક બાબતો , ખાદ્ય અને જાહેર વિતરણ અને નવીનીકરણીય ઉર્જા વિભાગોનો હવાલો છે. દરમિયાન , રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું કેન્દ્રીય મંત્રી પરિષદમાંથી રાજીનામું તાત્કાલિક અસરથી સ્વીકારી લીધું છે.

# CM SEOC

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગત મોડી સાંજે સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરની મુલાકાત લઈને રાજ્યની વર્તમાન સ્થિતિનો તાગ મેળવ્યો હતો. આગામી 24  કલાકમાં ઉત્તર ગુજરાતના પાટણ, મહેસાણા, વાવ-થરાદ અને બનાસકાંઠા જિલ્લાઓમાં સાર્વત્રિક વ્યાપક વધુ વરસાદની સંભાવનાઓ હોવાને કારણે આ જિલ્લાઓમાં NDRF અને SDRFની ટીમો મોકલવામાં આવી છે. . દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદનું જોર ઘટતા કેશ ડોલ્સની ચુકવણી અને ઘરવખરી સહાય પણ ત્વરાએ ચૂકવવાનું શરૂ કરાશે. પ્રાથમિક અંદાજ મુજબ વરસાદને કારણે 308 પશુ મૃત્યુ થયાના અહેવાલો SEOCને મળ્યા છે.

મુખ્યમંત્રીએ વરસાદના પાણી ઉતરે કે તુરત જ સાફ-સફાઈ , આરોગ્ય વિષયક પગલાં અને નુકસાની સર્વે હાથ ધરવાની સૂચનાઓ પણ આપી હતી.

રાજ્યના જળાશયોમાં 53.14 ટકા જેટલો સંગ્રહિત જથ્થો છે સમગ્ર રાજ્યમાં અત્યાર સુધીમાં 42,158 લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાવવામાં આવ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# KARGIL VIJAY DIWAS

આજે દેશભરમાં કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. 1999 ના કારગિલ યુદ્ધમાં રાષ્ટ્રનું રક્ષણ કરતી વખતે સર્વોચ્ચ બલિદાન આપનારા ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. આ દિવસ ઓપરેશન વિજયની સફળતા અને કારગિલ યુદ્ધમાં પાકિસ્તાન પર ભારતની ઐતિહાસિક જીતની ઉજવણી દર્શાવે છે. આ ઓપરેશન દરમિયાન , ભારતીય સશસ્ત્ર દળોએ જમ્મુ અને કાશ્મીરના કારગિલ જિલ્લાના તે વિસ્તારો ફરીથી કબજે કર્યા જ્યાં પાકિસ્તાની સૈનિકો અને આતંકવાદીઓએ ઘૂસણખોરી કરી હતી. મુખ્ય કાર્યક્રમ લદ્દાખના દ્રાસમાં કારગિલ યુદ્ધ સ્મારક ખાતે યોજાઈ રહ્યો છે. અમારા સંવાદદાતાનો અહેવાલ..

VC – અનાયત અલી

# RAJNATH-KARGIL VIJAY DIWAS

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે કારગિલ વિજય દિવસ પ્રસંગે દેશની રક્ષામાં સર્વોચ્ચ બલિદાન આપનારા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી સિંહે કહ્યું કે 1999 માં કારગિલના દુર્ગમ શિખરો પર અસાધારણ હિંમત દર્શાવનારા બહાદુર સૈનિકોનો રાષ્ટ્ર હંમેશા આભારી રહેશે. તેમણે કહ્યું કે સૈનિકોની અસાધારણ બહાદુરી , સર્વોચ્ચ બલિદાન અને અટલ સંકલ્પ દેશવાસીઓને દેશભક્તિ, ફરજ પ્રત્યે સમર્પણ અને માતૃભૂમિ પ્રત્યે નિઃસ્વાર્થ સેવા માટે પ્રેરણા આપતા રહેશે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે મધ્ય મહારાષ્ટ્ર અને ઓડિશામાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. છત્તીસગઢ , ગુજરાત, કોંકણ અને ગોવામાં આવતીકાલ સુધી ભારે વરસાદની આગાહી છે. દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ , પૂર્વી મધ્યપ્રદેશ , પશ્ચિમ બંગાળના ગંગાના મેદાનો અને હિમાચલ પ્રદેશમાં પણ આજે ભારે વરસાદ થવાની સંભાવના છે. જમ્મુ અને કાશ્મીર , લદ્દાખ, ઝારખંડ, ઉત્તરાખંડ, પશ્ચિમ રાજસ્થાન અને ઉત્તરપૂર્વ ભારતના કેટલાક ભાગોમાં પણ આવી જ સ્થિતિ રહેવાની સંભાવના છે.

# HOCKEY

ભારતીય સબ-જુનિયર પુરુષ હોકી ટીમે FIH યુવા હોકી- FIF એશિયન ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો છે. ભારતે ફાઇનલમાં પાકિસ્તાનને 3-1થી હરાવી સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

ભારત માટે રોમિત પાલ, કેપ્ટન કેતન કુશવાહા અને શાહરૂખ અલીએ ગોલ કર્યા હતા. ફાઇનલમાં પહોંચીને , ભારત અને પાકિસ્તાને FIH યુવા હોકી-FIF વિશ્વ કપ માટે ક્વોલિફાય કર્યું છે.

મહિલા વર્ગમાં ભારતીય સબ-જુનિયર ટીમે ચીન સામેની એક રોમાંચક મેચમાં રજત ચંદ્રક જીત્યો હતો. હોકી ઇન્ડિયાએ બંને ટીમોના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ માટે રોકડ પુરસ્કારોની જાહેરાત કરી છે.

# SQUASH

ભારતીય સ્ક્વોશ ખેલાડી અનાહત સિંહે વિશ્વ સ્ક્વોશ જુનિયર ચેમ્પિયનશિપ 2026માં મહિલા સિંગલ્સનો ખિતાબ જીતીને ઇતિહાસ રચ્યો છે. ફાઇનલમાં અનાહતે ઇજિપ્તની રુકૈયા સલેમને 11-3, 11-7 અને 11-9 થી હરાવી.

આ જીત સાથે અનાહત જુનિયર વિશ્વ ચેમ્પિયન ટાઇટલ જીતનાર પ્રથમ ભારતીય સ્ક્વોશ ખેલાડી બની. તેણીએ ઇજિપ્તના ખેલાડીઓના 16 વર્ષના વર્ચસ્વનો પણ અંત લાવ્યો. અનાહતે સમગ્ર ટુર્નામેન્ટમાં એક પણ ગેમ હાર્યા વિના ટાઇટલ જીત્યું. હવે તે લોસ એન્જલસ 2028 ઓલિમ્પિકમાં જીત મેળવવા પ્રયાસ કરશે, જ્યાં સ્ક્વોશને પ્રથમ વખત ઓલિમ્પિક ગેમ્સમાં સામેલ કરવામાં આવશે.

પુરુષોની શ્રેણીમાં એશિયન જુનિયર ચેમ્પિયન આર્યવીર દેવાન ભારતનો શ્રેષ્ઠ પ્રદર્શનકાર હતો, જેણે અંતિમ 16 માં સ્થાન મેળવ્યું હતું.

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે ચૈતાલી જોશી

- મોટાભાગના અખબારો એ ધર્મેન્દ્ર પ્રધાન ના રાજીનામાં ને મથાળે છાપ્યા છે.
- મોદી ની સમયસૂચકતાએ રાષ્ટ્રને સંકટમાંથી બચાવ્યું – આ સમાચારને ગુજરાતસમચારે પ્રથમ પાને સ્થાન આપ્યું છે. સંદેશ અને દિવ્યભાસ્કર લખે છે જેન – ze ની જીદ ની જીત.. ધર્મેન્દ્ર હવે પ્રધાન નહીં
- નવગુજરાત સમય લખે છે આખરે ધર્મેન્દ્રપ્રધાન ની રાજીનામું – છાત્રો જીત્યા
- અમદાવાદ માં 11 સાઇટ ની બાંધકામ મંજૂરી સસ્પેંડ ,ડેવલપર ને નોટિસ ને ગુજરાત સમાચારે અંદર ના પાને છાપ્યા છે
- અમદાવાદમાં વરસાદ બાદ રિસ્ટોરેશનની કામગીરી , ઉત્તર ગુજરાતમાં રેડ એલર્ટ જેવા સમાચાર તમામ અખબારોએ છેલ્લા પાના ઉપર પ્રકાશિત કર્યા છે.